# UNIVERSITY GRANTS COMMISSION
## NET BUREAU

**Code No. : 37**

## Subject : GUJARATI

SYLLABUS AND SAMPLE QUESTIONS

**Note :**

There will be two question papers, Paper–II and Paper–III (Part-A & Part B). Paper–II will cover 50 Objective type Questions (Multiple choice, Matching type, True/False, Assertion-Reasoning type) carrying 100 marks and Paper–III will have two Parts-A and B; Paper–III(A) will have 10 short essay-type questions (300 words) carying 16 marks each. In it there will be one question with internal choice from each unit (i.e. 10 questions from 10 units; Total marks will be 160). Paper–III(B) will be compulsory and there will be one question from each of the Electives. The candidate will attempt only one question (one elective only in 800 words) carrying 40 marks. Total marks of Paper-III will be 200.

## PAPER–II

આ પ્રશ્નપત્રમાં 4 મુખ્ય વિષયક્ષેત્રો હશે :

(a) ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ

(b) સાહિત્યકલા-સિદ્ધાન્તો અને સાહિત્યવિવેચન

(c) ગુજરાતી ભાષાનું વ્યાકરણ

(d) લોક-સાહિત્ય, સાહિત્યિક સંશોધન, ભાષાન્તર અને ગુજરાતીમાં સાહિત્યિક પત્રકારત્વ. આ પ્રશ્નપત્રના લગભગ બધા મુદ્દા સર્વસામાન્ય સ્વરૂપના છે અને મોટા ભાગની યુનિવર્સિટીઓના સ્નાતક-અનુસ્નાતક વિભાગોના અભ્યાસક્રમોમાં, ઘણુંખરું આવી ગયા હોય છે.

ઉપર્યુક્ત 4 મુખ્ય વિષયક્ષેત્રોથી કસોટીની ભૂમિકા ઊભી થશે અને તે સાહિત્યકલાને વિશેની સમજ વ્યક્ત કરશે, વળી, તેના પ્રકાશમાં ઉમેદવારનું મૂલ્યાંકન કરાશે.

**વિષયક્ષેત્ર (a) :** ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ - આમાં 4 ભાગ હશે :

(i) પ્રાગ્ નરસિંહ યુગ

(ii) નરસિંહથી દયારામ

(iii) નર્મદથી ગાંધીયુગ અને

(iv) 1950 સુધી; ઉપરાન્ત, ત્યારથી માંડીને આજ સુધી (એટલે કે, આધુનિક અને અનુ-આધુનિક યુગ સુધી)

**વિષયક્ષેત્ર (b) :** સાહિત્યકલા-સિદ્ધાન્તો અને સાહિત્ય-વિવેચન
સંસ્કૃત કાવ્યશાસ્ત્ર અને પશ્ચિમની સાહિત્યવિચારણા

**વિષયક્ષેત્ર (c) :** ગુજરાતી ભાષાનો કુળક્રમ અને તેનું વ્યાકરણ.
ભાષાવિજ્ઞાનવિષયક સામાન્ય સમજ અને વ્યાકરણને વિશેની જાણકારી.

**વિષયક્ષેત્ર (d) :** દરેકવિષયક્ષેત્રમાં મહત્ત્વનું પ્રદાન કરનારા સાહિત્યકારો વિશેની જાણકારી. ઉમેદવાર પાસે દરેક વિષયક્ષેત્રનાં મહત્ત્વનાં પુસ્તકોનું પ્રત્યક્ષ અને ઊંડું અધ્યયન અપેક્ષિત છે. બંને પ્રશ્નપત્ર માટેના સંદર્ભ-ગ્રન્થોની અન્તે યાદી આપી છે - પરન્તુ તેને માત્ર સર્વસાધારણ ગણવી.

## PAPER–III (A)
## [CORE GROUP]

આ પ્રશ્નપત્રમાં આવરી લેવાતા મુદ્દા મોટા ભાગની યુનિવર્સિટીઓના અભ્યાસક્રમોમાં ઘણુંખરું આવી ગયા હોય છે - અહીં તેમને વિકલ્પોના વૈવિધ્ય સાથે સમાવી લીધા છે. આ પ્રશ્નપત્રમાં 10 અને 1 એમ 11 કોટિઓ છે.

**Unit—I**

મુદ્દા

(a) રસસિદ્ધાન્ત : ધ્વનિમતઃ વક્રોક્તિવિચાર; રમણીયતા વિચાર

(b) કાવ્યવ્યાખ્યા; કાવ્યપ્રયોજન; કાવ્ય-હેતુ

(a અને b માંથી 1 પ્રશ્ન, 1 વૈકલ્પિક પ્રશ્ન સાથે)

**Unit—II**

મુદ્દા

(a) પ્લેટો-ઍરિસ્ટોટલ, લૉન્જાઈનસ, ટી.એસ.ઍલિયટ, નવ્યવિવેચન, સંરચનાવાદી કાવ્યશાસ્ત્ર અને વિઘટનશીલ સિદ્ધાન્ત (થીયરી ઓવ ડીકન્સ્ટ્રક્શન)

(b) પ્રશિષ્ટતાવાદ (ક્લાસિસિઝમ, કૌતુકપ્રિયતાવાદ (રોમૅન્ટિસિઝમ) આધુનિકતાવાદ (મૉડર્નિઝમ), પ્રતીકવાદ (સિમ્બલિઝમ) અને અતિવાસ્તવવાદ (સર્રિયલિઝમ)

(a અને b માંથી 1 પ્રશ્ન, 1 વૈકલ્પિક પ્રશ્ન સાથે)

**Unit—III**

મુદ્દા

(a) નવલરામ, નરસિંહરાવ, રમણભાઈ નીલકંઠ, બળવંતરાય ઠાકોર, રામનારાયણ પાઠક.

(b) હરિવલ્લભ ભાયાણી, સુરેશ જોષી, જયન્ત કોઠારી, પ્રમોદકુમાર પટેલ, રાધેશ્યામ શર્મા, સુમન શાહ, ચન્દ્રકાન્ત ટોપીવાલા અને શિરીષ પંચાલ.

(a અને b માંથી 1 પ્રશ્ન, 1 વૈકલ્પિક પ્રશ્ન સાથે)

## Unit—IV

(a) વાલ્મીકિકૃત 'રામાયણ'; વ્યાસરચિત મહાભારત; શ્રીમદ ભાગવત; કાલિદાસકૃત રઘુવંશ; કાલિદાસકૃત મેઘદૂત

(b) ગોરા (ટાગોર) ; ગોદાન (પ્રેમચન્દ); સ્વર્ગેર નીચેર માનુષ (સુનીલ ગંગોપાધ્યાય); હાજાર ચૌરાશીર માં (મહાશ્વેતા દેવી); આરણ્યક (વિભૂતિભૂષણ બન્દોપાધ્યાય); સંસ્કાર (અનન્તમૂર્તિ); યયાતિ (વિ.સ.ખાંડેકર) અને હયવદન (ગિરીશ કર્નાડ).

(a અને b માંથી 1 પ્રશ્ન, 1 વૈકલ્પિક પ્રશ્ન સાથે)

## Unit—V

(a) ભરતેશ્વર બાહુબલિ રાસ (જયશેખર સૂરિ); નરસિંહનાં પદો; નળાખ્યાન (પ્રેમાનંદ); અનુભવબિંદુ (અખો); મદનમોહના (શામળ); સરસ્વતીચંદ્ર (ગોવર્ધનરામ); ગુજરાતનો નાથ (મુનશી); સોરઠ તારાં વહેતાં પાણી (મેઘાણી); માનવીની ભવાઈ (પન્નાલાલ પટેલ); છિન્નપત્ર (સુરેશ જોષી); કુરુક્ષેત્ર (દર્શક); પૅરેલિસિસ (ચંદ્રકાન્ત બક્ષી); અમૃતા (રઘુવીર ચૌધરી); કામિની (મધુ રાય); સ્વપ્નતીર્થ (રાધેશ્યામ શર્મા); વડવાનલ (ધીરુબેન પટેલ) અને આંગળિયાત (જૉસેફ મૅકવાન).

(b) પૂર્વાલાપ (કાન્ત); ભણકાર (બ.ક.ઠાકોર); પ્રાચીના (ઉમાશંકર જોશી); વસુધા (સુન્દરમ્); ધ્વનિ (રાજેન્દ્ર શાહ); છંદોલય (નિરંજન ભગત); અથવા (ગુલામ મોહમ્મદ શેખ); વહી જતી પાછળ રમ્યઘોષા (લાભશંકર ઠાકર); ઑડિસ્યૂસનું હલેસું (સિતાંશુ યશશ્ચન્દ્ર); અંગત (રાવજી પટેલ); કયાં ? (અનિલ જોશી) અને રૂપ (અમૃત ઘાયલ).

(c) મારી હકીકત (નર્મદ); ફારબસવિરહ (દલપતરામ); આત્મકથા (ગાંધીજી); સ્મરણયાત્રા (કાકાસાહેબ); જનાન્તિકે (સુરેશ જોષી); સાપના ભારા (ઉમાશંકર જોશી); ધરા ગુર્જરી (ચંદ્રવદન મહેતા); પરિત્રાણ (દર્શક); તણખામંડળ (ધૂમકેતુ); દ્વિરેફની વાતો (રામાનારાયણ વિ. પાઠક); પ્રાગૈતિહાસિક અને શોકસભા (કિશોર જાદવ); ધીમુ અને વિભા (જયંતી દલાલ) અને સમૂળી ક્રાન્તિ (કિશોરલાલ મશરૂવાળા).

(a, b અને c માંથી 1 પ્રશ્ન, 1 વૈકલ્પિક પ્રશ્ન સાથે)

## Unit—VI

(a) ઍગેમૅમ્નોન (ઍસ્કિલસ); ડિવાઈન કૉમેડી (દાન્તે); ઑથેલો (શેકસપિયર); ધ વેસ્ટ લૅન્ડ (ટી.એસ.ઍલિયટ); યુલિસિસ (જેમ્સ જૉય્યસ); ફાઉસ્ટ (ગ્યુઈથે); માદામ બોવરી (ફ્લોબેર) થ્રી સિસ્ટર્સ (ચેખવ); અ ડૉલ્સ હાઉસ (ઈબ્સન); વેઈટિન્ગ ફૉર ગોદો (બૅકેટ); મૅટામૉર્ફોસિસ (કાફ્કા); ધ ઓલ્ડ મૅન ઍન્ડ ધી સી (હેમિન્ગ્વે); ધ આઉટસાઈડર (કામૂ); ક્રાઈમ ઍન્ડ પનિશમૅન્ટ (દૉસ્તોએવ્સ્કી); ધ મીક વન (દૉસ્તોએવ્સ્કી); ધ કાસલ (કાફ્કા); વન હન્ડ્રેડ યર્સ ઓવ સૉલિટયૂડ (માર્કવેઝ); દુઈનો ઍલેજી (રિલ્અને ધ ફ્લાઈઝ (સાર્ત્ર).

(a અને b માંથી 1 પ્રશ્ન, 1 વૈકલ્પિક પ્રશ્ન સાથે)

**Unit—VII**

(a) ગદ્ય : નવલકથા; લઘુનવલ; ટૂંકી વાર્તા; નાટક; એકાંકી; સાહિત્યિક (અંગત) નિબન્ધ; આત્મકથા; જીવનકથા અને લોકકથા.

(b) પદ્ય : મહાકાવ્ય; આખ્યાન; પદ્યવાર્તા; રાસ; ફાગુ; ખણ્ડકાવ્ય; સૉનેટ; પદ્યનાટક ઊર્મિકાવ્ય (લિરિક); ગઝલ; ગીત; અછાન્દસ અને લોકગીત.

(a અને b માંથી 1 પ્રશ્ન, 1 વૈ કસા શો )

**Unit—VIII**

મુદ્દા

(a) (i) ગુજરાતીમાં પ્રકાશિત લોકસાહિત્ય

(ii) ગુજરાતી લોકસાહિત્યનું અધ્યયન-સમ્પાદન કરતા મુખ્ય સાહિત્યકારો.

(b) (i) ગુજરાતી ભાષાનો કુળક્રમ

(ii) અર્વાચીન ગુજરાતી ભાષાની લાક્ષણિકતાઓ; શબ્દભંડોળ; વિવિધ બોલીઓ.

(a અને b માંથી 2 ટૂંકનોંધ માટેના પ્રશ્નો, ટૂંકનોંધ માટેના 2 વૈકલ્પિક પ્રશ્નો સાથે)

**Unit—IX**

મુદ્દા

(a) સાહિત્યિક સંશોધનની વિભાવના, તેનું સ્વરૂપ અને તે માટેની પદ્ધતિ : ક્ષેત્રકાર્યનું મહત્ત્વ; સાહિત્યિક સંશોધનનુ કાર્યક્ષેત્ર અને મધ્યકાલીન કૃતિના પાઠનિર્ણય તેમજ સમ્પાદન માટેની પદ્ધતિ.

(b) ગુજરાતી સાહિત્ય-સંશોધન-ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરનારા સાહિત્યકારો; કેશવ હ. ધ્રુવ; મેઘાણી; ભોગીલાલ સાંડેસરા; કે.કા.શાસ્ત્રી; હરિવલ્લભ ભાયાણી; પુષ્કર ચંદરવાકર; જયન્ત કોઠારી અને બળવન્ત જાની.

(a અને b માંથી 2 ટૂંકનોંધ માટેના પ્રશ્નો, ટૂંકનોંધ માટેના 2 વૈકલ્પિક પ્રશ્નો સાથે)

**Unit—X**

મુદ્દા

(a) તુલનાત્મક સાહિત્ય-અધ્યયનની વિભાવના, તેનું સ્વરૂપ અને તે માટેની પદ્ધતિ.

(b) પ્રાંતીય સાહિત્ય (ધ પ્રોવિન્સ્યલ લિટરેચર); પશ્ચિમનું સાહિત્ય (ધ વેસ્ટર્ન લિટરેચર); ઉપખણ્ડીય સાહિત્ય (ધ કૉન્ટિનેન્ટલ લિટરેચર) અને વિશ્વ સાહિત્ય (વર્લ્ડ લિટરેચર).

(a અને b માંથી 1 પ્રશ્ન, 1 વૈકલ્પિક પ્રશ્ન સાથે)

નોંધ : 10 સંક્ષિપ્ત ઉત્તરો માટેના પ્રશ્નો 1 થી 10 કોટિઓમાંથી કાઢવા. 11મો પ્રશ્ન 1થી 10 કોટિઓને સર્વસાધારણપણે આવરી લેતો તેમજ નિબન્ધ-પ્રકારનો કાઢવો.

# PAPER–III(B)
# [ELECTIVE OPTIONAL]

**Elective—I**

ગુજરાતી સાહિત્યકોશ - ભાગ 1, 2, 3 - ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ

ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ - ભાગ 1 થી 4 ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ

ગુજરાતી સાહિત્ય (મધ્યકાલીન) - અનન્તરાય રાવલ

**Elective—II**

સ્વાધ્યાય અને સંશોધન - ડૉ. બળવન્ત જાની

મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતા - ડૉ. બળવન્ત જાની

ભાષાપરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ - જયન્ત કોઠારી

**Elective—III**

લોકકથાનાં મૂળ અને કુળ - ડૉ. હરિવલ્લભ ભાયાણી

તુલનાત્મક સાહિત્ય - ડૉ. ધીરુ પરીખ

અભિનવનો રસવિચાર અને બીજા લેખો - નગીનદાસ પારેખ

**Elective—IV**

સાહિત્યમાં આધુનિકતા - ડૉ. સુમન શાહ

સુરેશ જોષીથી સુરેશ જોષી - ડૉ. સુમન શાહ

સાહિત્યિક સંશોધન વિશે - ડૉ. સુમન શાહ

સ્વરૂપસન્નિધાન - સમ્પાદક - ડૉ. સુમન શાહ

પશ્ચિમનું સાહિત્ય-વિવેચન - ભાગ 1, 2 ડૉ. શિરીષ પંચાલ

ગુજરાતી કથાવિશ્વ - ડૉ. નરેશ વેદ અને ડૉ. બાબુ દાવલપુરા

**Elective—V**

ગુજરાતી નવલકથા : રાધેશ્યામ શર્મા, રઘુવીર ચૌધરી

આધુનિકતાવાદ : ડૉ. પ્રમોદકુમાર પટેલ

સાહિત્યિક તત્ત્વોની માવજત : જયન્ત કોઠારી

## PAPER—II

**1. ખણ્ડકાવ્યના મહત્ત્વના કવિ કોણ છે ?**

(A) દલપતરામ

(B) કાન્ત

(C) નિરંજન ભગત

(D) રાવજી પટેલ

2. માહિતી અ : મભનતત ગાગા - લઘુગુરુનો એક નિયત ક્રમ છે.

માહિતી બ : મભનતત ગાગા - ગણમેળથી મંદાક્રાન્તા છંદ બને છે.

(A) અ ને બ બન્ને ખોટાં છે.

(B) બ ખરું છે પણ અ ખોટું છે.

(C) અ ખરું છે બ પણ ખરું છે.

(D) અ ખરું છે પણ બ ખોટું છે.

**3. સર્વથા સુસંગત વિગતજૂથ કયું ?**

(A) સુંદરમ્ : ગાંધીયુગના કવિ : વિવેચક

(B) સુંદરમ્ : અનુઆધુનિક યુગના કવિ : નવલકથાકાર

(C) સુંદરમ્ : ગાંધીયુગના કવિ : ગઝલકાર

(D) સુંદરમ્ : દેશીવાદના પુરસ્કર્તા : ત્રિભોવનદાસ લુહાર

**4. બન્ને યાદીઓની વિગતો સરખાવીને ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો.**

| યાદી-1 | યાદી-2 |
|---|---|
| a. નવલકથા | 1. કરણઘેલો |
| b. પ્રથમ નવલકથા | 2. ઝેર તો પીધાં છે જાણી જાણી |
| c. જાનપદી નવલકથાકાર | 3. કથાસાહિત્યનો પ્રકાર |
| d. રોહિણી | 4. ઈશ્વર પેટલીકર |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 1 | 4 | 2 |
| (B) | 1 | 2 | 3 | 4 |
| (C) | 3 | 4 | 1 | 2 |
| (D) | 2 | 3 | 4 | 1 |

## PAPER—III (A)

સૂચના : 1 થી 10 પ્રશ્નો માટેનો નમૂનાનો પ્રશ્ન :

**1.** ટૂંકીવાર્તા ક્ષેત્રે રા. વિ. પાઠકનું પ્રદાન મૂલવો.

**અથવા**

પન્નાલાલ પટેલ કૃત 'માનવીની ભવાઈ' અથવા શામળકૃત 'મદન મોહના'નો પરિચય કરાવો.

નોંધ : આ પ્રકારના પરિચયાત્મક તથા સમીક્ષાત્મક દસ પ્રશ્નો પૂછાશે.

## PAPER—III (B)

સૂચના : આ પ્રશ્નપત્રનો 11મો પ્રશ્ન નિબન્ધાત્મક રહેશે. એ માટેનો નમૂનાનો પ્રશ્ન :

**11.** ગુજરાતી કાવ્યક્ષેત્રે રાજેન્દ્ર શાહનું અર્પણ મૂલવો.

**અથવા**

ગુજરાતી નિબન્ધ સાહિત્યના ઉદ્‌ભવ અને વિકાસની રૂપરેખા વર્ણવો.

**અથવા**

પદ્યવાર્તાની સ્વરૂપગત લાક્ષણિકતાઓ દર્શાવી 'મદનમોહના'ની સમીક્ષા કરો.

★ ★ ★